# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - સુરત

## સંશોધન સાર સંચયિકા

(ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ ગાંધીનગર તરફથી મળેલ અનુદાન અન્વયે)

પ્રેરક :

નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી ગાંધીનગર


સંકલન :

શ્રીમતી ગીતા વાંસિયા

સિ. વ્યાખ્યાતા

જી.શિ.તા.ભવન સુરત

આયોજક :

શ્રી વાય કે પટેલ

પ્રાચાર્ય

જી.શિ.તા.ભવન સુરત

# અનુક્રમણિકા

| ક્રમ | સંશોધક | વિષય | પ્રકાર |
|---|---|---|---|
| ૧ | શ્રીમતી ગીતા વાંસિયા | સુરત જીલ્લાના માંડવી તાલુકામાં રહેતા અને ૨ થી ૮ વર્ષના બાળકોના શબ્દ ભંડોળનો અભ્યાસ | સર્વેક્ષણ |
| ૨ | શ્રીમતી ગીતા વાંસિયા | સુરત જીલ્લામાં શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન અમલીકરણની સ્થિતી - એક અભ્યાસ (વર્ષ ૨૦૨૧-૨૨) | મુલ્યાંકન સર્વેક્ષણ |
| ૩ | શ્રીમતી સ્મિતા દેસાઈ | સુરત જીલ્લાના ઉમરપાડા તાલુકામાં રહેતા અને ૨ થી ૮ વર્ષના બાળકોના શબ્દ ભંડોળનો અભ્યાસ | સર્વેક્ષણ |
| ૪ | શ્રીમતી હિમા પંડયા | સુરત જીલ્લાના ઓલપાડ તાલુકામાં રહેતા અને ૨ થી ૮ વર્ષના બાળકોના શબ્દ ભંડોળનો અભ્યાસ | સર્વેક્ષણ |
| ૫ | ડો.જોય દિક્ષીત | સુરત જીલ્લાના મહુવા તાલુકામાં રહેતા અને ૨ થી ૮ વર્ષના બાળકોના શબ્દ ભંડોળનો અભ્યાસ | સર્વેક્ષણ |
| ૬ | શ્રીમતી શોભના સુરાણી | સુરત જીલ્લાના કામરેજ તાલુકામાં રહેતા અને ૨ થી ૮ વર્ષના બાળકોના શબ્દ ભંડોળનો અભ્યાસ | સર્વેક્ષણ |
| ૭ | ડો. દિપીકા ચૌધરી | સુરત જીલ્લાના પલસાણા તાલુકામાં રહેતા અને ૨ થી ૮ વર્ષના બાળકોના શબ્દ ભંડોળનો અભ્યાસ | સર્વેક્ષણ |
| ૮ | શ્રી આર એમ પટેલ | સુરત જીલ્લાના ચોર્યાસી તાલુકામાં રહેતા અને ૨ થી ૮ વર્ષના બાળકોના શબ્દ ભંડોળનો અભ્યાસ | સર્વેક્ષણ |

સંશોધક : શ્રીમતી ગીતા વાંસિયા

સિ.વ્યાખ્યાતા ડાયેટ સુરત

**પ્રસ્તાવના**

બાળવિકાસની બાબતમાં બાળ-મનોવિજ્ઞાનમાં ખૂબજ ઝીણવટપૂર્વક અભ્યાસ કરવામાં આવેલો છે. બાળવિકાસના વિવિધ પાસાઓમાં શિક્ષણની ગુણવતા ખૂબ અગત્ત્યનું પાસુ છે.ગુણવતા સુધારણામાં ભાષા વળી ખૂબ અગત્યનું પાસુ છે.ભાષાનો મુખ્ય આધાર બાળકો પાસે ઉપલબ્ધ શબ્દ ભંડોળ પર છે. અભ્યાસક્રમ સંરચના કરતી વખતે અભ્યાસક્રમના સંદર્ભમાં બાળકના ભાષા વિકાસની બાબતને ધ્યાનમાં લેવામાં આવે છે. બાળકનો ભાષાવિકાસ ક્રમિક રીતે થતો જોવા મળે છે.તેને ધ્યાને રાખીને પૂર્વ પ્રાથમિકથી લઈને પ્રાથમિક શિક્ષણમાં ભાષાના અભ્યાસક્રમમાં શબ્દભંડોળની માત્રા નકકી થતી હોય છે.હવે દિન પ્રતિદિન બાળક સમક્ષ વિવિધ પ્રસાર માધ્યમો મુદ્રીત સ્વરુપે તેમજ દ્રશ્ય શ્રાવ્ય સ્વરુપે પ્રસ્તુત થતા જાય છે.માહિતી અને પ્રત્યાયનના આ યુગમાં જયારે પ્રત્યાયનના સાધનોનો વિપુલ પ્રમાણમાં ઉપયોગ થઈ રહયો છે, ત્યારે બાળકના ભાષા વિકાસ પર કોઈ અસર થઈ છે કે કેમ તે સંશોધનનો વિષય બને છે.પ્રસ્તુત સંશોધન આવો જ એક નમ્ર પ્રયાસ છે.

સમસ્યા : “ સુરત જીલ્લાના માંડવી તાલુકાના ૨ થી ૮ વર્ષના બાળકોના શબ્દભંડોળની જાણકારીનો અભ્યાસ “

**અભ્યાસના હેતુઓ**

- ૨ થી ૮ વર્ષની વય ધરાવતા બાળકોનું શબ્દભંડોળ જાણવું
- ૨ થી ૮ વર્ષની વય ધરાવતા બાળકોનું **ઉમરવાર** શબ્દભંડોળ જાણવું
- ૨ થી ૮ વર્ષની વય ધરાવતા બાળકોનું **જાતી વાર** શબ્દભંડોળ જાણવું
- ૨ થી ૮ વર્ષની વય ધરાવતા બાળકોનું જાતીવાર શબ્દભંડોળની **તુલના** કરવી.
- ૨ થી ૮ વર્ષની વય ધરાવતા બાળકોનું **વિસ્તારવાર** શબ્દભંડોળ જાણવું
- ૨ થી ૮ વર્ષની વય ધરાવતા બાળકોનું વિસ્તારવાર શબ્દભંડોળની તુલના કરવી
- ૨ થી ૮ વર્ષની વય ધરાવતા બાળકોનું ગુજરાતીભાષાનું શબ્દભંડોળ જાણવું

- ૨ થી ૮ વર્ષની વય ધરાવતા બાળકોનું હિન્દીભાષાનું શબ્દભંડોળ જાણવું
- ૨ થી ૮ વર્ષની વય ધરાવતા બાળકોનું અંગેજીભાષાનું શબ્દભંડોળ જાણવું
- ૨ થી ૮ વર્ષની વય ધરાવતા બાળકોનું સ્થાનિકભાષાનું શબ્દભંડોળ જાણવું
- ૨ થી ૮ વર્ષની વય ધરાવતા બાળકોનું અન્યભાષાનું શબ્દભંડોળ જાણવું
- ૨ થી ૮ વર્ષની વય ધરાવતા બાળકોની વિવિધ ભાષાના સંદર્ભમાં શબ્દભંડોળ જાણવું

**સંશોધન હેઠળના પ્રશ્નો**

૧ માંડવી તાલુકાના ૨ થી ૮ વર્ષની વય ધરાવતા છોકરાઓ અને છોકરીઓના શબ્દ ભંડોળ સરખા હશે કે અલગ અલગ ?

૨ માંડવી તાલુકાના ૨ થી ૮ વર્ષની વય ધરાવતા ગ્રામ્ય વિસ્તારના અને શહેરી વિસ્તારના બાળકોના શબ્દ ભંડોળ સરખા હશે કે અલગ અલગ ?

૩ માંડવી તાલુકાના ૨ થી ૮ વર્ષની વય ધરાવતા બાળકોના ગુજરાતી ,હિદી,અંગ્રેજી, સ્થાનિક બોલી તથા આ સિવાયની ભાષાઓના શબ્દોની જાણકારી કેવી હશે?

નમૂનો : માંડવી તાલુકાના ૨ થી ૮ વર્ષની વય ધરાવતા બાળકો પૈકી સાત બાળકો કુમાર અને સાત બાળકોકન્યા હતી. તે પૈકી બે બાળકો વર્ષ ૨ની ઉમરના , બે બાળકો વર્ષ ૩ની ઉમરના બે બાળકો વર્ષ ૪ની ઉમરના બે બાળકો વર્ષ ૫ની ઉમરના બે બાળકો વર્ષ ૬ની ઉમરના બે બાળકો વર્ષ ૭ની ઉમરના હતાં.

ઉપકરણ

૧. જીસીઈઆરટી- ગાંધીનગર દ્વારા મળેલ માર્ગદર્શિકા
૨. બાળકની પ્રાથમિક માહિતી પત્રાક
**3.** પંદર દિવસના સમયગાળા દરમ્યાન બાળક દ્વારા બોલાયેલ શબ્દો જાણવાનો પ્રયાસ અને તેની નોંધ કરવાનું નોંધણીપત્રાક
૨. પંદર દિવસના સમયગાળા દરમ્યાન બાળક દ્વારા બોલાયેલ શબ્દોની નોંધ નો અભ્યાસ કરવા માટે પૃથકકરણ પત્રાક (એકસએલ શીટ )

સંશોધન યોજના **:**

સૌ પ્રથમ નમુના પસંદગી કરવામાં આવી. તે માટે બ્લોક રિસોર્સ કો-ઓર્ડિનેટરશ્રી માંડવી સાથે રહીને પ્રાચાર્યશ્રી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સુરત - દ્વારા આપવામાં આવેલ માંડવી તાલુકામાંથી વર્ષ બે થી વર્ષ આઠની વયજૂથના અંદાજીત ૩૦ બાળકો પસંદ કરવામાં આવ્યાં. તે પૈકી પ્રત્યેક વયજુથમાંથી કુમાર અને કન્યા (જાતીવાર )બાળકોના અલગ વિભાગ કરવામાં આવ્યા. તે કુલ પૈકી ૪૦ % બાળકો શહેરી વિસ્તારના અને ૬૦ % બાળકો ગ્રામ્ય વિસ્તારના આવે તે અને દરેક વય જૂથમાં એક કુમાર અને એક કન્યા આવે તે મુજબ ૧૪ બાળકોનો નમુનો પસંદ કરવામા આવ્યો.

માહિતી પ્રાપ્તિની પ્રવિધિ

બીજા તબકકામાં નમૂનામાં પસંદ થયેલ બાળકોના વિસ્તારમાં આવેલ કલસ્ટર રિસોર્સ કોઓર્ડિનેટરશ્રીઓને આ સર્વેક્ષણ વિષની માહિતી ઓનલાઇન આપવામાં આવી.જેમાં નીચેની સૂચના આપવામાં આવી.

પ્રસ્તુત અભ્યાસના મળેલા તારણો નીચે મુજબ છે.

માંડવી તાલુકામાં ,

- ૨ થી ૮ વર્ષની વય ધરાવતા બાળકો કુલ ૨૧૫૧ શબ્દો જાણતા હતાં.
- ૨ થી ૮ વર્ષની વય ધરાવતા બાળકો પૈકી કુમારો ૧૧૯૨ શબ્દો જાણતા હતાં , જયારે ૨ થી ૮ વર્ષની વય ધરાવતી કન્યાઓ ૯૫૪ શબ્દો જાણતી હતી.
- ૨ થી ૮ વર્ષની વય ધરાવતા કુમારો ,કન્યાઓ કરતા ૨૦ ટકા વધુ શબ્દો જાણતા હતાં.
- ૨ થી ૮ વર્ષની વય ધરાવતા શહેરી વિસ્તારના બાળકો કુલ ૫૩૪ શબ્દો જાણતા હતાં .જયારે ૨ થી ૮ વર્ષની વય ધરાવતા ગ્રામ્ય વિસ્તારના બાળકો કુલ ૧૬૧૭ શબ્દો જાણતા હતાં.
- ૨ થી ૮ વર્ષની વય ધરાવતા કુલ બાળકો પૈકી શહેરી વિસ્તારના બાળકો કરતા ગ્રામ્ય વિસ્તારના બાળકો ૩૦૦ % વધુ શબ્દો જાણતા હતા. એટલે કે શહેરી વિસ્તારના બાળકો કરતા ગ્રામ્ય વિસ્તારના બાળકો ત્રણ ગણા વધુ શબ્દો જાણતા હતા
- ૨ થી ૮ વર્ષની વય ધરાવતા બાળકો ગુજરાતીભાષાના ૧૮૭૦ શબ્દો જાણતા હતાં.
- ૨ થી ૮ વર્ષની વય ધરાવતા બાળકો હિન્દી ભાષાના ૭૧ શબ્દો જાણતા હતાં.
- ૨ થી ૮ વર્ષની વય ધરાવતા બાળકો અંગેજી ભાષાના ૧૯૭ શબ્દો જાણતા હતાં.

- ૨ થી ૮ વર્ષની વય ધરાવતા બાળકો સ્થાનિક બોલીના ૧૦ જાણતા હતાં.
- ૨ થી ૮ વર્ષની વય ધરાવતા બાળકો અન્યભાષાના ૩ જ શબ્દો (નહિવત્)જાણતા હતાં.
- ૨ થી ૮ વર્ષની વય ધરાવતા બાળકો સૌથી વધુ શબ્દો ગુજરાતી ભાષાના જાણતા હતાં.
- ૨ થી ૮ વર્ષની વય ધરાવતા બાળકોમાં  હિન્દીભાષા કરતા અંગ્રેજીભાષાના શબ્દો લગભગ ત્રાણઘણા વધુ જાણતા હતાં.

સંશોધક : શ્રીમતી ગીતા વાંસિયા

સિ.વ્યાખ્યાતા ડાયેટ સુરત

૧.૧ પ્રસ્તાવના

૨૧ મી સદીના સંદર્ભમાં અને રાષ્ટ્રિય શિક્ષણ નિતી -૨૦૨૦ના પરિપ્રેક્ષયમાં પ્રાથમિક શિક્ષણ કેવું હોવું જોઈએ એ આ અભ્યાસનો મુખ્ય સૂર છે કે પ્રાથમિક કેળવણીને તબકકે વિધ્યાર્થીઓને નુતન યુગના પરિપ્રેક્ષયમાં સર્વગ્રાહી શિક્ષણ આપવું જોઈએ અને તેનું સર્વગ્રાહી મૂલ્યાંકન કરીને તેમનામાં એવું નૈપુણ્ય ઉત્પન્ન કરવું જોઈએ કે જેથી તેઓ આ યુગમાં તેમના જીવનનો સર્વાગીણ વિકાસ સાધવામાં સફળ થાય.રાષ્ટ્રીય શિક્ષણ નિતી ૨૦૨૦ ની જરુરીયાતોને ધ્યાને રાખીને રોજબરોજની શિક્ષણ પ્રશિક્ષણની પ્રવિધીઓમાં નાવીન્ય લાવવું પડે. જેમાં વૈયકિતક કે સામૂહિક પ્રોજેકટસ્ , કેસ સ્ટડીઝ , કિવઝ, અન્વેક્ષણ,પધ્ધતીઓ , પ્રશ્ન ઘડતર, પ્રવૃત્તીઓ, ચર્ચા સભાઓ ,વિવિધ પ્રકારની સ્પર્ધાઓ ,વૈજ્ઞાનિક અને અન્ય પ્રયોગો , નાટય પ્રયોગો ,દૈનિક અખબારો અને સામયિકો , ઈન્ટરનેટ, વિકિપીડીયાનો ઉપયોગ , ઈલેકટ્રોનિક મિડીયા , લાયબ્રેરીનો મહત્તમ ઉપયોગ વગેરે વિધ્યાર્થીઓ સાહજીક પણે અપનાવે અને તેને અનુરુપ વિધ્યાર્થીઓનું મૂલ્યાંકન થાય એ હેતુસર જીસીઈઆરટી-ગાંધીનગર દ્વારા સમગ્ર રાજયમાં શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન પ્રણાલી અમલમાં છે. રાજયના દરેક શિક્ષકને આ પ્રાણાલીના અમલીકરણની સમજ આપવામાં આવી છે. વખતો વખત તેમને આ પધ્ધતીના અમલીકરણમાં પડતી મુશ્કેલીઓ જાણવા વિવિધ અભ્યાસો હાથ ધરાય છે. અને તેમની મુશ્કેલીઓ દૂર કરવાનો પ્રયત્ન કરાય છે. પ્રસ્તુત અભ્યાસ આવા જ એક હેતુસર હાથ ધરવામાં આવેલ છે.જેથી વર્ષ ૨૦૨૨ ની સ્થીતીએ શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન

**સમસ્યા :**

સુરત જીલ્લામાં શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન અમલીકરણની સ્થિતી - એક અભ્યાસ

અભ્યાસના હેતુઓ :

**મુખ્ય હેતુ** :

વર્ષ ૨૦૨૨ની સ્થિતીએ સુરત જીલ્લામાં શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન અમલીકરણની સ્થિતી જાણવી

**પેટા હેતુ** :

(અ) વર્ષ ૨૦૨૨ની સ્થિતીએ સુરત જીલ્લામાં શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન અમલીકરણ પરત્વે શૈક્ષણિક બાબતોની સ્થિતી જાણવી

(બ) વર્ષ ૨૦૨૨ની સ્થિતીએ સુરત જીલ્લામાં શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન અમલીકરણ પરત્વે સહ શૈક્ષણિક બાબતોની સ્થિતી જાણવી

(ક) શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન અંગે મૂલ્યાંકનકારનું સમગ્ર અવલોકન ચકાસવું

(ડ) શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન અંગે શાળાને મળેલ સાહિત્ય સામગ્રીની ઉપલબ્ધિ ચકાસવી

(ઈ)ધોરણ ૩ થી ૫ પૈકી કોઈ એક ધોરણના ૭ બાળકોની ઉત્તરવહી ચકાસવી .

(એફ)ધોરણ ૬ થી ૮ પૈકી કોઈ એક ધોરણના ૭ બાળકોની ઉત્તરવહી ચકાસવી .

**અભ્યાસના પ્રશ્નો :**

- મૂલ્યાંકન સંબંધી જરુરી આધારોની ઉપલબ્ધિ ન હોય .
- રચનાત્મક મૂલ્યાંકન સંબંધી કરેલ કામગીરીની પ્રવિધીઓ યોગ્ય ન હોય.
- રચનાત્મક મૂલ્યાંકન સંબંધી વ્યવસ્થીત જાણકારી ન હોય.
- નબળા બાળકોનું શૈક્ષણિક સ્તર સુધારવા માટે કોઈ વિશિષ્ટ આયોજન ન હોય.
- વ્યકિત્વ વિકાસ માટે શાળા દ્વારા સહશૈક્ષણિક પ્રવૃતિઓ યોગ્ય ન હોય.
- વ્યકિત્વ વિકાસ માટે શાળા દ્વારા હાથ ધરવામાં આવતી સહશૈક્ષણિક પ્રવૃતિઓયોગ્ય પધ્ધતિએ થયેલ ન હોય.
- શાળામાં મુલ્યાંકન સંબંધી સાહિત્ય ન હોય .
- ધોરણ ૩ થી ૮ ના બાળકોની ઉત્તરવહી યોગ્ય રીતે ચકાસેલ ન હોય.

**નમુનો** :

પર જેટલી શાળાઓ અહિં નમુનામાં સમાવવામાં આવેલ હતી.

**સંશોધન યોજના** :

પર જેટલી શાળાઓમાં સીઆરસી અને એસઆરજી ને રુબરુ મુલાકાત માટે મોકલી અભિપ્રાયો મેળવવામાં આવ્યા હતાં.

**માહિતી પૃથકકરણ** :

મળેલ કાચી માહિતીનું ટકાવારી દ્વારા વિષ્લેષણ કરવામાં આવેલ હતું.

**તારણો :**

૧) શાળાકીય અને સર્વગ્રાહી મૂલ્યાંકનના અમલીકરણ અંગેના સામાન્ય અવલોકન :

- શાળાકીય અને સર્વગ્રાહી મૂલ્યાંકન અંગે યોગ્ય રીતે / પધ્ધતિસર કાર્ય થતુ નથી.
- મોટાભાગે સત્રાંતે જ ટીકમાર્ક થાય છે.
- રચનાત્મક મૂલ્યાંકનમાં વિવિધ રીતે / વિવિધ કસાટી વડે મૂલ્યાંકન કરતા નથી મોટે ભાગે સ્વાધ્યાય અને વર્ગખંડ અવલોકન દ્વારા જ મૂલ્યાંકન કરે છે.

૨) શાળાકીય અને સર્વગ્રાહી મૂલ્યાંકન અંગે શિક્ષકની સમજઃ

- ૪૧ શિક્ષકોને શાળાકીય અને સર્વગ્રાહી મૂલ્યાંકન અંગેની પૂરતી સમજ ન હતી.
- કેટલાક શિક્ષકોને સમજ હતી પરંતુ કાર્ય કરેલ નથી.

૩) અધ્યયન-અધ્યાપન અને રચનાત્મક મૂલ્યાંકન માટે હાથ ધરવામાં આવતી પ્રવૃત્તિઓ અંગેઃ

- ૪૩ % શાળાઓમાં અધ્યયન-અધ્યાપન અને રચનાત્મક મૂલ્યાંકન માટે પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવતી હતી.
- કેટલીક શાળામાં બાળકો સાથે ચર્ચા કરતા પ્રવૃતિઓ હાથ ધરેલ જણાય પરંતું કોઇ આધાર અહેવાલ, ફોટા જોવા ન મળ્યા.

૪) વ્યકિતત્વ વિકાસની પ્રવૃતિઓ સંદર્ભે કરવામાં આવતી મૂલ્યાંકનની પ્રકિયા અંગેઃ

- મોટાભાગની શાળાઓમાં વ્યકિતત્વ વિકાસની પ્રવૃતિઓ હાથ ધરાય છે.

૫) શાળાકીય અને સર્વગ્રાહી મૂલ્યાંકન અંતર્ગત શાળા દ્વારા નિભાવવામાં આવતા આધારો/ રેકોર્ડસઃ

- ૪૫ જેટલી શાળાઓમાં મૂલ્યાંકનના પૂરતા આધારો જોવા ન મળ્યા.

(3)

## સુરત જિલ્લાના ઉમરપાડા  તાલુકાના 2 થી 8 વર્ષના બાળકોના શબ્દભંડોળનો અભ્યાસ

સ્મિતા દેસાઈ  સિનિયર લેકચરર
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરત

**હેતુઓ:**

- સુરત જિલ્લાના ઉમરપાડા  તાલુકાના 2 થી 8 વર્ષના બાળકોનું ઉંમરવાર શબ્દભંડોળ જાણવું.
- સુરત જિલ્લાના ઉમરપાડા  તાલુકાના 2 થી 8 વર્ષના બાળકોનું જાતિ સંદર્ભમાં શબ્દભંડોળ જાણવું.
- સુરત જિલ્લાના ઉમરપાડા  તાલુકાના 2 થી 8 વર્ષના બાળકોનું  વિસ્તારના સંદર્ભમાં શબ્દભંડોળ જાણવું.
- સુરત જિલ્લાના ઉમરપાડા  તાલુકાના 2 થી 8 વર્ષના બાળકોનું ગુજરાતી ભાષા ઉપરાંત સ્થાનિક બોલીને ધ્યાનમાં લઈને શબ્દભંડોળ જાણવું.
- સુરત જિલ્લાના ઉમરપાડા  તાલુકાના 2 થી 8 વર્ષના બાળકોનું ગુજરાતી ભાષા ઉપરાંત અન્ય ભાષાને ધ્યાનમાં લઈને શબ્દભંડોળ જાણવું.

**વ્યાપવિશ્વ અને નમૂનો** :

પ્રસ્તુત સંશોધનમાં સુરત જિલ્લાના 2 થી 8 વર્ષના બાળકોનો વ્યાપવિશ્વમાં સમાવેશ થયો હતો.જીસીઈઆરટી-ગાંધીનગરની સૂચના મુજબ ગુજરાત રાજ્યના પ્રત્યેક તાલુકાના વર્ષ 2 થી 8 ના ઉંમરવાર એક કુમાર અને એક કન્યા એમ કુલ 14 બાળકોનો સંશોધન સમાવેશ કરવાનો હતો. પ્રસ્તુત સંશોધનમાં સુરત જિલ્લાના ઉમરપાડા  તાલુકાના વર્ષ 2 થી 8 ના ઉંમરવાર એક કુમાર અને એક કન્યા એમ કુલ 14 બાળકોને સહેતુક/ યાદચ્છિક રીતે નમૂના તરીકે પસંદ કર્યા હતાં.

**સંશોધન પધ્ધતિ** : પ્રસ્તુત સંશોધન **સર્વેક્ષણ પ્રકારનું** હતું.

**ઉપકરણ** : પ્રસ્તુત સંશોધનમાં સામેલ બાળકો દ્વારા બોલાયેલ શબ્દો નોંધવા માટે 15 દિવસ સુધીના પ્રત્યેક દિવસના અલગ-અલગ પત્રકોનો ઉપયોગ કરવાનો હતો. આ માટે જરુરી ઉપકરણની રચના **જીસીઈઆરટી દ્વારા જ** કરવામાં આવી હતી. જેમાં

1. બાળકની સામાન્ય માહિતી
2. બાળકો દ્વારા બોલાયેલ શબ્દો નોંધવાનું પત્રક
3. ડેટા એક્સેલ શીટ - નો સમાવેશ થયેલો હતો.

**માહિતી એકત્રીકરણ** : સંશોધકને ફળવાયેલ/લાયઝન તાલુકામાં બીઆરસી કૉ. ની મદદથી 2 થી 8 વર્ષના કુલ 14 બાળકો પસંદ કરવામાં આવ્યા હતાં. નમૂનાના આ 14 બાળકો દ્વારા દરરોજ બોલાયેલા શબ્દો 15 દિવસ સુધી નિયત ફોર્મેટમાં સીઆરસી કૉ./ શિક્ષકો/ વાલી દ્વારા નોંધવામાં આવ્યા હતાં. દરરોજનો ડેટા લઈ જીસીઈઆરટી દ્વારા મળેલ એક્સેલ ફાઇલમાં નોંધી કુલ 15 દિવસના બાળકના શબ્દભંડોળની માહિતી પ્રાપ્ત કરવામાં આવી હતી.

**આંકડાશાસ્ત્રીય પૃથક્કરણની રીત** : પ્રસ્તુત સંશોધનમાં જીસીઈઆરટી દ્વારા તૈયાર કરેલ એક્સેલ ફાઇલમાં ઉમરપાડા તાલુકામાંથી બીઆરસી કૉ. દ્વારા 14 બાળકોના 15 દિવસ સુધીના શબ્દભંડોળની માહિતી પ્રાપ્ત થઇ હતી. જેમાં વિવિધ શીટમાં વિવિધ માહિતી હતી. આ માહિતીનુ હેતુ મુજબ સારણીઓ બાનાવી પૃથક્કરણ અને વિશ્લેષણ કાવામાં આવ્યુ હતુ. જેમા **સરાસરી અને ટકાવારી** તેમજ **એક્સેલ પ્રોગામનો** ઉપયોગ કર્યો હતો.

## સંશોધનના તારણો:

સંશોધકે સંશોધનકાર્ય દરમિયાન મળેલ માહિતીનું પૃથક્કણ અને અર્થઘટન કર્યું જેના આધારે નીચે મુજબના તારણો તારવ્યાં હતા.

1) 2 થી 8 વર્ષના બાળકોના ઉંમરવાર શબ્દભંડોળની સરાસરી 504 શબ્દો જોવા મળી હતી.

2) 2 થી 8 વર્ષના બાળકોનું ઉંમરવાર શબ્દભંડોળ 2, 3, 4, 5, 6, 7 અને 8 વર્ષના બાળકોનુ અનુક્રમે 612,763,461,1065,1658 અને 1527 શબ્દો જોવા મળ્યા હતાં.

3) 2 થી 8 વર્ષના બાળકોનું ઉંમરવાર શબ્દભંડોળ 4 વર્ષના બાળકમાં સૌથી ઓછુ અને 8 વર્ષના બાળકમાં સૌથી વધુ જોવા મળેલ હતા.

4) 2 થી 8 વર્ષના બાળકોનું ઉંમરવાર શબ્દભંડોળ ગુજરાતી ભાષામાં સૌથી વધુ અને અન્ય ભાષામાં સૌથી ઓછું જોવા મળ્યુ હતુ.

5) 2 થી 8 વર્ષના બાળકોના ઉંમરવાર શબ્દભંડોળની સરાસરી કુમારમાં 447 શબ્દો અને કન્યામાં 561 શબ્દો જોવા મળ્યુ હતુ. અર્થાત કન્યાનું શબ્દભંડોળ કુમારો કરતાં વધુ જોવા મળ્યુ હતુ.

6) 2 થી 8 વર્ષના કુમારોમાં ગુજરાતી, હિંદી, અંગ્રેજી, સ્થાનિક બોલી અને અન્યભાષાનુ સરેરાશ શબ્દભંડોળ અનુક્રમે 2368,210,392,150 અને 14 શબ્દો જોવા મળ્યુ હતુ.

7) 2 થી 8 વર્ષના કન્યાઓમાં ગુજરાતી , હિંદી, અંગ્રેજી, સ્થાનિક બોલી અને અન્ય ભાષાનુ સરેરાશ શબ્દભંડોળ અનુક્રમે 2265,668,791,181, અને માત્ર 28 જ શબ્દો અન્ય ભાષામાં જોવા મળ્યા હતા.

8) 2 થી 8 વર્ષના બાળકોના ઉંમરવાર શબ્દભંડોળમાં માત્ર ગ્રામ્ય બાળકો જ હોવાથી સરખામણી થઇ શકી ન હતી.

9) 2 થી 8 વર્ષના બાળકોની ભાષાવાર સરેરાશ શબ્દભંડોળ ગુજરાતી, હિંદી, અંગ્રેજી, સ્થાનિક બોલી અને અન્યભાષાનુ અનુક્રમે ૩૩૦,૬૨,૮૪,૨૩ તેમજ 3 શબ્દો અન્ય ભાષાનાં જોવા મળે છે.

10. 2 થી 8 વર્ષના બાળકોના ભાષાવાર શબ્દભંડોળમાં સૌથી વધુ શબ્દભંડોળ ગુજરાતી ભાષામાં કુમારોનુ સૌથી ઓછુ અન્ય ભાષામાં કુમાર અને કન્યાઓનુ જોવા મળે છે.
11. ગુજરાતી ભાષામાં કુમારનું શબ્દભંડોળ વધારે છે. જયારે હિન્દી અને અંગ્રેજી ભાષામાં કન્યાઓનું વધારે જોવા મળ્યું હતું.

## શૈક્ષણિક સૂચિતાર્થ :

1. 2 થી 8 વર્ષની કુમારો અને કન્યાઓમાં વર્ષના પ્રમાણમાં શબ્દભંડોળનુ પ્રમાણ વધારવા માટેના પ્રયત્નો હાથ ધરવા જોઇએ.
2. બાળમંદિર અને શાળાના શરુઆતના વર્ષોમાં સ્થાનિક ભાષાના શબ્દોનો ઉપયોગ કરવો જોઇએ.
3. બાળકોના શબ્દભંડોળમાં વધારો થાય તેવા પ્રયત્નો આંગણવાડી તથા ધોરણ-1-2મા હાથ ધરવા જોઇએ.
4. બાળકોમાં મૌખિક અભિવ્યક્તિ વધે તેવી તકો ધરે તેમજ શાળા કક્ષાએ ઉભી થાય તેવા પ્રયાસો કરવા જોઇએ.
5. 2 થી 8 વર્ષના ગ્રામ્ય વિસ્તારના બાળકોઓમાં સ્થાનિક ભાષામાં શબ્દભંડોળનુ પ્રમાણ વધારવા માટેના પ્રયત્નો કરવા જોઇએ.

**Researcher : Heema pandya ,**

**le DIET Surat**

**પ્રસ્તાવના**

માણસ ભાષા સાથે જન્મે છે. તેને સેકડો પેઢીઓનો વારસો, સદીઓના સંસ્કાર અને ભાષા મળે છે. માણસ જાતની વિકાસ ગાથા ભાષા થકી ગવાય છે. તેથી ભાષાનું આગવું મહત્વ છે. જે માધ્યમ દ્વારા માણસો પરસ્પર વિચારોનું વહન કરે છે અને ઇચ્છાઓ અને લાગણીઓની અભિવ્યક્તિ કરે છે તેને ભાષા કહે છે. બાળકના ભાષાવિકાસમાં તેના શારીરિક, માનસિક અને સામાજિક વિકાસનું ઘણું મહત્વ છે. તેથી તેનો ભાષાવિકાસ એના સર્વાંગીણ વિકાસનો ધોતક છે.

**સમસ્યા :**

**સુરત જિલ્લાના** ચોર્યાસી **તાલુકાના 2 થી 8 વર્ષના બાળકોના શબ્દભંડોળનો અભ્યાસ**

**સંશોધનના હેતુઓ**

પ્રસ્તુત સંશોધન નીચેના હેતુઓને ધ્યાનમાં રાખી હાથ ધરવામાં આવેલ હતું.

1. સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના 2 થી 8 વર્ષના બાળકોનું ઉંમરવાર શબ્દભંડોળ જાણવું.

2. સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના 2 થી 8 વર્ષના બાળકોનું જાતિ સંદર્ભમાં શબ્દભંડોળ જાણવું.
3. સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના 2 થી 8 વર્ષના બાળકોનું વિસ્તારના સંદર્ભમાં શબ્દભંડોળ જાણવું.
4. સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના 2 થી 8 વર્ષના બાળકોનું ગુજરાતી ભાષા ઉપરાંત સ્થાનિક બોલીને ધ્યાનમાં લઈને શબ્દભંડોળ જાણવું.
5. સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના 2 થી 8 વર્ષના બાળકોનું ગુજરાતી ભાષા ઉપરાંત અન્ય ભાષાને ધ્યાનમાં લઈને શબ્દભંડોળ જાણવું.

**સંશોધન હેઠળના પ્રશ્નો**

સંશોધકે પ્રસ્તુત સંશોધનમાં નીચે જણાવ્યા પ્રમાણેના પ્રશ્નો તપાસવાનો ઉપક્રમ સ્વીકાર્યો હતો.

1. સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના 2 થી 8 વર્ષના બાળકોનું ઉંમરવાર શબ્દભંડોળ શું હશે?
2. સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના 2 થી 8 વર્ષના બાળકોના કુમારો અને કન્યાઓ કેટલા શબ્દોથી પરિચિત હશે?
3. સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના 2 થી 8 વર્ષના શહેરી અને ગ્રામ્ય બાળકોનું વિસ્તારના સંદર્ભમાં શબ્દભંડોળ કેવું હશે?

4. સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના 2 થી 8 વર્ષના બાળકો ગુજરાતી ભાષા ઉપરાંત સ્થાનિક બોલીના કેટલા શબ્દોથી  પરિચિત હશે?
5. સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના 2 થી 8 વર્ષના બાળકો ગુજરાતી ભાષા ઉપરાંતની અન્ય ભાષાના કેટલા શબ્દોથી પરિચિત હશે?

**સંશોધનનું મહત્વ**

ભાષાના ઉપયોગનાં ચાર પાસાં છે. પહેલાં બાળક બીજાં શું કહે છે તે સમજે છે. તે પછી તે બીજાના શબ્દો સાંભળી પોતાનું શબ્દભંડોળ એકઠું કરે છે. ત્યારબાદ તેના પ્રયોગો કરતાં કરતાં પોતે શબ્દોનાં ઉચ્ચારણો શીખે છે અને આમ, તે શબ્દો બોલવા લાગે છે. છેલ્લે તે વાક્યરચના શીખે છે અને વાક્યો બોલે છે. બાળક-બાળક વચ્ચે શબ્દભંડોળની બાબતમાં ઘણો તફાવત હોય છે. ત્રણ વર્ષે તે બહુવચનનો ઉપયોગ કરે છે, સાચાં ઉચ્ચારણો શીખવવાં તે જરૂરી છે. વિકાસનાં બીજાં પાસાં સાથે વાચનક્ષમતાનો વિકાસ સંકળાયેલો છે. તેમાં ઘરના તથા શાળાના વાતાવરણની ઘણી અસર પડે છે. શિક્ષકના વર્ગવાચનની ઢબ વિદ્યાર્થીના વાચનની ઢબ અને અસરકારકતા પર પોતાની છાપ પાડે છે. વર્ગમાં અને અન્યત્ર મોટેથી વાચન કરવાથી વાચનક્ષમતા અને ઉચ્ચારશુદ્ધતા વધે છે. આમ, વિદ્યાર્થીઓને જો મૌખિક કાર્યનો વ્યવસ્થિત કાર્યાનુભવ આપવામાં આવે તો તેઓ બહુ અસરકારક વાચન કરી શકે છે. પ્રસ્તુત સંશોધન  સર્વેક્ષણ પ્રકારનું સંશોધન છે. દરેક સંશોધનનું આગવું મહત્વ અને ઉપયોગીતા હોય છે.

## 1.6 **સંશોધનનું સીમાંકન**

સંશોધકે પ્રસ્તુત સંશોધનનું  નીચે મુજબનું સીમાંકન કર્યું હતું.

1. પ્રસ્તુત સંશોધન ફક્ત ચોર્યાસી તાલુકા પૂરતું જ મર્યાદિત હતું.

2. પ્રસ્તુત સંશોધનમાં માત્ર 2 થી 8 વર્ષની વયજૂથના બાળકોનો જ સમાવેશ કરવામાં આવેલ હતો.

3. પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્ર કરવા અર્થે જીસીઈઆરટી દ્વારા આપવામાં આવેલ પત્રકનો જ ઉપકરણ તરીકે ઉપયોગ કરવામાં આવેલ હતો.

4. પ્રસ્તુત સંશોધનમાં બાળકોનું શબ્દભંડોળ જાણવા કરેલ કામગીરીના 15 દિવસને શબ્દભંડોળ જાણવા માટેના સમયગાળા તરીકે લેવામાં આવેલ હતો.

વ્યાપવિશ્વ અને નમૂનાની પસંદગી

**વ્યાપવિશ્વ :**

પ્રસ્તુત સંશોધનમાં સુરત જિલ્લાના 2 થી 8 વર્ષના બાળકોનો વ્યાપવિશ્વમાં સમાવેશ થયો હતો.

**નમૂનાની પસંદગી :**

જીસીઈઆરટી-ગાંધીનગરની સૂચના મુજબ તમામ જિલ્લામાં ડાયટ લેકચરર દ્વારા પોતાના લાયઝનના તાલુકામાં આ સંશોધન કરવાનુ હતુ. ગુજરાત રાજ્યના પ્રત્યેક તાલુકાના વર્ષ 2 થી 8 ના ઉંમરવાર એક કુમાર અને એક કન્યા એમ કુલ 14 બાળકોનો સંશોધન સમાવેશ કરવાનો હતો.

પ્રસ્તુત સંશોધનમાં સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના વર્ષ 2 થી 8 ના ઉંમરવાર એક કુમાર અને એક કન્યા એમ કુલ 14 બાળકોને સહેતુક/ યાદચ્છિક રીતે નમૂના તરીકે પસંદ કર્યા હતાં. જે પરિશિષ્ટ -1માં દર્શાવેલ છે.

ઉપકરણ પસંદગી અને ઉપકરણ રચના

**ઉપકરણ :**

સંશોધન માટે ઉપકરણ મહત્વનુ છે. જેટલુ ઉપકરણ સમૃધ્ધ એટલી સંશોધન કાર્યની સફળતા વધુ. સંશોધનના હેતુઓને અનુરુપ યોગ્ય માહિતી એકત્ર કરવા માટે યોગ્ય ઉપકરણની પસંદગી કરવી જરુરી છે. પ્રસ્તુત સંશોધનનાં ઉપકરણો નીચે મુજબ હતાં.

- માહિતી પત્રક
- યાદી પત્રક/ નોંધ પત્રક
- મુલાકાત

**ઉપકરણ રચના :**

પ્રસ્તુત સંશોધનનો વિષય જીસીઈઆરટી દ્વારા નક્કિ કરેલો હોવાથી તમામ ડાયટમાં એકજ વિષય પર સંશોધન કરવાનુ હતું. પ્રસ્તુત સંશોધનમાં સામેલ બાળકો દ્વારા બોલાયેલ શબ્દો નોંધવા માટે 15 દિવસ સુધીના પ્રત્યેક દિવસના અલગ-અલગ પત્રકોનો ઉપયોગ કરવાનો હતો. આ માટે જરુરી ઉપકરણની રચના **જીસીઈઆરટી દ્વારા જ** કરવામાં આવી હતી. જે પરિશિષ્ટ -1માં દર્શાવેલ છે. જેમાં

4. બાળકની સામાન્ય માહિતી
5. બાળકો દ્વારા બોલાયેલ શબ્દો નોંધવાનું પત્રક
6. ડેટા એક્સેલ શીટ - નો સમાવેશ થયેલો હતો.

## સંશોધન પધ્ધતિ

પ્રસ્તુત સંશોધનમાં ગુજરાત રાજ્યના પ્રત્યેક તાલુકાના વર્ષ 2 થી 8 ના ઉંમરવાર એક કુમાર અને એક કન્યા એમ કુલ 14 બાળકો દ્વારા બોલાયેલ શબ્દો નોંધવા માટે 15 દિવસ સુધીના પ્રત્યેક દિવસના અલગ-અલગ પત્રકોમાં નોંધ કરી આ વય કક્ષાએ બાળક ખરેખર કેટલુ શબ્દભંડોળ ધરાવે છે તે જાણવાનો અભ્યાસ કરવાનો હતો તેથી પ્રસ્તુત સંશોધન **સર્વેક્ષણ પ્રકારનુ** હતું.

## માહિતી પ્રાપ્તિની પ્રવિધિ

પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રીકરણ માટે જીસીઈઆરટી દ્વારા તૈયાર કરેલ ઉપકરણ દ્વારા ગુજરાત રાજ્યના પ્રત્યેક તાલુકાના વર્ષ 2 થી 8 ના ઉંમરવાર કુલ 14 બાળકો દ્વારા બોલાયેલ શબ્દોની માહિતી એકત્ર કરવાની હતી. સંશોધકને ફળવાયેલ/લાયઝન તાલુકામાં બીઆરસી કૉ. ની મદદથી 2 થી 8 વર્ષના કુલ 14 બાળકો પસંદ કરવામાં આવ્યા હતાં. જેમાં કુમાર (50 ટકા) તથા કન્યા (50 ટકા) તેમજ શહેરી (40 ટકા) તથા ગ્રામ્ય (60 ટકા)નુ પ્રમાણ જાળવવાનો પ્રયત્ન થયેલો હતો. નમૂનાના આ 14 બાળકો દ્વારા દરરોજ બોલાયેલા શબ્દો 15 દિવસ સુધી નિયત ફોર્મેટમાં સીઆરસી કૉ./ શિક્ષકો/ વાલી દ્વારા નોંધવામાં આવ્યા હતાં. દરરોજનો ડેટા લઈ જીસીઈઆરટી દ્વારા મળેલ એક્સેલ ફાઇલમાં નોંધી કુલ 15 દિવસના બાળકના શબ્દભંડોળની માહિતી પ્રાપ્ત કરવામાં આવી હતી.

## આંકડાશાસ્ત્રીય દોરી સંચાર

પ્રસ્તુત સંશોધનમાં જીસીઈઆરટી દ્વારા તૈયાર કરેલ એક્સેલ ફાઇલમાં માંગરોલ તાલુકામાંથી બીઆરસી કૉ. દ્વારા 14 બાળકોના 15 દિવસ સુધીના શબ્દભંડોળની માહિતી પ્રાપ્ત થઇ હતી. જેમાં વિવિધ શીટમાં વિવિધ માહિતી હતી. આ માહિતીનુ હેતુ મુજબ સારણીઓ બાનાવી પૃથક્કરણ અને વિશ્લેષણ કાવામાં આવ્યુ હતુ. જેમા **સરાસરી અને ટકાવારી** તેમજ **એક્સેલ પ્રોગામનો** ઉપયોગ કર્યો હતો.

**સંશોધનના તારણો**:

સંશોધકે સંશોધનકાર્ય દરમિયાન મળેલ માહિતીનું પૃથક્કણ અને અર્થઘટન કર્યું જેના આધારે નીચે મુજબના તારણો તારવ્યાં હતા.

10) 2 થી 8 વર્ષના બાળકોના ઉંમરવાર શબ્દભંડોળની સરાસરી 174 શબ્દો જોવા મળી હતી.

11) 2 થી 8 વર્ષના બાળકોનું ઉંમરવાર શબ્દભંડોળ 2, 3, 4, 5, 6, 7 અને 8 વર્ષના બાળકોનુ અનુક્રમે 76, 200, 138, 163, 170, 176 અને 293 શબ્દો જોવા મળ્યા હતાં.

12) 2 થી 8 વર્ષના બાળકોનું ઉંમરવાર શબ્દભંડોળ 2 વર્ષના બાળકમાં સૌથી ઓછુ અને 8 વર્ષના બાળકમાં સૌથી વધુ જોવા મળેલ હતા.

13) 2 થી 8 વર્ષના બાળકોનું ઉંમરવાર શબ્દભંડોળ ગુજરાતી ભષામાં સૌથી વધુ અને અન્ય ભાષામાં સૌથી ઓછું જોવા મળ્યુ હતુ.

14) 2 થી 8 વર્ષના બાળકોના ઉંમરવાર શબ્દભંડોળની સરાસરી કુમારમાં 223 શબ્દો અને કન્યામાં 124 શબ્દો જોવા મળ્યુ હતુ. અર્થાત કુમારનુ શબ્દભંડોળ કન્યાઓ કરતાં વધુ જોવા મળ્યુ હતુ.

15) 2 થી 8 વર્ષના કુમારોમાં ગુજતાતી, હિંદી, અંગ્રેજી, સ્થાનિક બોલી અને અન્યભાષાનુ સરેરાશ શબ્દભંડોળ અનુક્રમે 98, 44, 62, 19 અને 0 શબ્દો જોવા મળ્યુ હતુ.

16) 2 થી 8 વર્ષના કન્યાઓમાં ગુજતાતી, હિંદી, અંગ્રેજી, સ્થાનિક બોલી અને અન્યભાષાનુ સરેરાશ શબ્દભંડોળ અનુક્રમે 53, 31, 39, 1 અને 0 શબ્દો જોવા મળ્યુ હતુ.

17) 2 થી 8 વર્ષના બાળકોના ઉંમરવાર શબ્દભંડોળમાં શહેરી બાળકોમાં સરેરાશ 163 શબ્દો અને ગ્રામ્ય બાળકોમાં 175 શબ્દો જોવા મળ્યુ હતુ. અર્થાત ગ્રામ્ય બાળકોનું શબ્દભંડોળ શહેરી બાળકો કરતાં વધુ જોવા મળે છે.

18) 2 થી 8 વર્ષના બાળકોના ઉંમરવાર શબ્દભંડોળમાં શહેરી બાળકોમાં સ્થાનિક ભાષાનું શબ્દભંડોળ બિલકુલ જોવા મળતુ ન હતુ. જ્યારે ગ્રામ્ય બાળકોમાં સ્થાનિક ભાષાનું શબ્દભંડોળ સરેરાશ 11 શબ્દો જોવા મળ્યુ હતુ.

19) 2 થી 8 વર્ષના બાળકોની ભાષાવાર સરેરાશ શબ્દભંડોળ ગુજરાતી, હિંદી, અંગ્રેજી, સ્થાનિક બોલી અને અન્યભાષાનુ અનુક્રમે 76, 37, 51, 10 અને 0 શબ્દો જોવા મળ્યુ હતુ.

20) 2 થી 8 વર્ષના બાળકોના ભાષાવાર શબ્દભંડોળમાં સૌથી વધુ શબ્દભંડોળ ગુજરાતી ભષામાં કુમારોનુ તથા સૌથી ઓછુ સ્થાનિક ભાષામાં કન્યાઓનુ જોવા મળ્યુ હતુ.

21) દરેક ભષામાં કુમાર કરતાં કન્યાઓનું શબ્દભંડોળ ઓછું જોવા મળ્યુ હતુ.

**શૈક્ષણિક સૂચિતાર્થ :**

6. 2 થી 8 વર્ષની કન્યાઓમાં શબ્દભંડોળનુ પ્રમાણ વધારવા માટેના પ્રયત્નો હાથ ધરવા જોઇએ.
7. 2 થી 8 વર્ષના શહેરી વિસ્તારના બાળકોઓમાં શબ્દભંડોળનુ પ્રમાણ વધારવા માટેના પ્રયત્નો કરવા જોઇએ.
8. બાળમંદિર અને શાળાના શરુઆતના વર્ષોમાં સ્થાનિક ભાષાના શબ્દોનો ઉપયોગ કરવો જોઇએ.
9. બાળકોના શબ્દભંડોળમાં વધારો થાય તેવા પ્રયત્નો આંગણવાડી તથા ધોરણ-1-2મા હાથ ધરવા જોઇએ.

**10.** બાળકોમાં મૌખિક અભિવ્યક્તિ વધે તેવી તકો ધરે તેમજ શાળા કક્ષાએ ઉભી થાય તેવા પ્રયાસો  કરવા જોઇએ.

**ભાવિ સંશોધન અંગેના ચૂચનો :**

1. 3 થી 6 અને 6 થી 8 વર્ષના બાળકોના શબ્દભંડોળનો તુલનાત્મક અભ્યાસ હાથ ધરી શકાય.
2. શહેરી અને ગ્રામ્ય બાળકોના શબ્દભંડોળનો તુલનાત્મક અભ્યાસ હાથ ધરી શકાય.
3. કન્યા અને કુમાર બાળકોના શબ્દભંડોળનો તુલનાત્મક અભ્યાસ હાથ ધરી શકાય.
4. ધોરણ એકમાં પ્રવેશ મેળવતાં બાળકોના શબ્દભંડોળનો અભ્યાસ હાથ ધરી શકાય.
5. ધોરણ બે પૂર્ણ કરતાં બાળકોના શબ્દભંડોળનો અભ્યાસ હાથ ધરી શકાય.
6. શાળાએ જતાં અને શાળાએ ન જતા 2 થી 5 વર્ષના બાળકોનો તુલનાત્મક અભ્યાસ હાથ ધરી શકાય.

**સુરત જિલ્લાના મહુવા તાલુકામાં રહેતા અને ૨ વર્ષથી ૮ વર્ષની ઉમર ધરાવતા બાળકોનાં શબ્દ ભંડોળનો અભ્યાસ**

**સંશોધક : ડો. જોય દીક્ષીત**
**વ્યાખ્યાતા જી.શિ.તાલીમ ભવન સુરત**

**પ્રસ્તાવના**

કોઈ પણ બાળકની ભાષાનો વિકાસનો આધાર બાળકનાં શબ્દ ભંડોળની સમૃદ્ધિ પર રહેલો હોય છે. બાળક ઉમરના જુદા જુદા તબક્કે બાળકના અનુભવ અને બાળકને મળેલ વાતાવરણ અનુરૂપ જુદું જુદું શબ્દ ભંડોળ ધરાવે છે. બાળક ઉમરના જુદા જુદા તબક્કે સામાન્યતઃ કેટલું અને કયા પ્રકારનું શબ્દ ભંડોળ ધરાવે છે તેની જાણકારી આપણને બાળકની ભાષાના વિકાસ માટે ઉપયોગી બની રહે છે એટલુ જ નહિ પરંતુ ઉમર મુજબ બાળકના શબ્દ ભંડોળ વિશેની આપણી સમજ ભાષા વિષયના અભ્યાસક્રમ રચનામાં પણ મદદ પૂરી પાડી શકે એમ છે. .

**"સમસ્યા" : સુરત જિલ્લાના મહુવા તાલુકામાં રહેતા અને ૨ વર્ષથી ૮ વર્ષની ઉમર ધરાવતા બાળકોનાં શબ્દ ભંડોળનો અભ્યાસ"**

**૧.3 સંશોધનના હેતુઓ**

૧. ૨ વર્ષથી ૮ વર્ષના બાળકોનું ઉંમરવાર શબ્દ ભંડોળ જાણવું.

૨. ઉંમર, જાતિ અને વિસ્તારના સંદર્ભમાં બાળકોનું શબ્દભંડોળ જાણવું.
(ઉંમરવર્ષઃ ૨ થી ૮, જાતિઃ કુમાર-કન્યા, વિસ્તારઃ ગ્રામ્ય-શહેર)

૩. બાળકની ઉંમર, જાતિ અને બાળકના રહેઠાણ વિસ્તારની બાળકનાં શબ્દભંડોળ પર અસર તપાસવી.

૪. ગુજરાતી ભાષા ઉપરાંત સ્થાનિક બોલી તેમજ ગુજરાતી સિવાયની અન્ય ભાષાને ધ્યાને લઈ બાળકોનું શબ્દભંડોળ જાણવું.

**૧.૪ સંશોધનનાં પ્રશ્નો**

૧. સુરત જિલ્લાના મહુવા તાલુકાના ૨ થી ૮ વર્ષના બાળકોનું ઉંમરવાર શબ્દભંડોળ કેટલું હશે?
૨. સુરત જિલ્લાના મહુવા તાલુકાના ઉંમર ,જાતિ અને વિસ્તારના સંદર્ભમાં બાળકોનું શબ્દભંડોળ કેટલું હશે?(ઉંમરવર્ષઃ ૨ થી ૮, જાતિઃ કુમાર કન્યા, વિસ્તારઃ ગ્રામ્ય શહેર)
૩. શું બાળકની ઉંમર ,જાતિ અને બાળકના રહેઠાણ વિસ્તારની બાળકનાં શબ્દભંડોળ પર અસર જોવા મળે છે?
૪. સુરત જિલ્લાના મહુવા તાલુકાના ગુજરાતી ભાષા ઉપરાંત સ્થાનિક બોલી તેમજ ગુજરાતી સિવાયની અન્ય ભાષાને ધ્યાને લઈ બાળકોનું શબ્દભંડોળ કેટલું હશે?

**૧.૭ સંશોધનનું મહત્વ -:**

૧. સુરત જિલ્લાના મહુવા તાલુકામાં રહેતા ૨ થી ૮ વર્ષના બાળકોનું ઉંમરવાર શબ્દભંડોળ જાણી શકાશે.
૨. સુરત જિલ્લાના મહુવા તાલુકામાં રહેતા ૨ થી ૮ વર્ષના બાળકોનું જાતિ અને વિસ્તારના સંદર્ભમાં શબ્દભંડોળ જાણી શકાશે.
૩. સુરત જિલ્લાના મહુવા તાલુકામાં રહેતા ૨ થી ૮ વર્ષના બાળકોનું ગુજરાતી ભાષા ઉપરાંત સ્થાનિક બોલી તેમજ ગુજરાતી સિવાયની અન્ય ભાષાને ધ્યાને લઈ બાળકોનું શબ્દભંડોળ અંગેની જાણકારી મેળવી શકાશે.
૪. ૨ થી ૮ વર્ષની ઉમર ધરાવતા બાળકોના શબ્દ ભંડોળનો ખ્યાલ આવતા તેમના માટે રચવાના થતા અભ્યાસક્રમ રચનામાં મદદ મળી રહેશે.

**૨:૨ સંશોધન પધ્ધતિ.**

સંશોધકે પોતાના સંશોધનની ઉત્કલ્પના ચકાસવા કે સંશોધનના પ્રશ્નોના જવાબ મેળવવા માટે કોઈપણ પધ્ધતિ ને અમલમાં મૂકે છેઆમ ., ઉકેલ મેળવવા માટેની વિવિધ પધ્ધતિ ઓને સંશોધન“પધ્ધતિ તરીકે ઓળખવામાં આવે છે. આ સંશોધન ” પધ્ધતિ ચિંતન પ્રધાન વિચારસરણી કે વૈજ્ઞાનિક પધ્ધતિ માંથી આવિર્ભાવ પામી છે .

સંશોધકે તેની તપાસના સંદર્ભમાં સંશોધનપધ્ધતિની કાળજીપૂર્વક પસંદગી કરવાની હોય છે સામાન્યત: નીચે મુજબની સંશોધન .પધ્ધતિઓ પ્રચલિત છે .

(૧ સર્વેક્ષણ (૨) ઐતિહાસિક સંશોધન (૩) વ્યકિત અભ્યાસ (૪) વિકાસાત્મક સંશોધન ( (૫) પ્રાયોગિક સંશોધન

**૨-: ૩ ઉપકરણ.**

પ્રસ્તુત સંશોધનનો હેતુ સુરત જિલ્લાના મહુવા તાલુકામાં રહેતા ૨ થી ૮ વર્ષની ઉમર ધરાવતા તમામ બાળકોનું શબ્દ ભંડોળ જાણવાનો હતો અને આ માટે જી ,.સી.ઈ.આર.ટી.ગાંધીનગર તરફથી Excel Sheetમાં એક માળખું તૈયાર કરીને મોકલવામાં આવેલ હતું, જેમાં બાળકોના વાલીએ ૧૫ દિવસ દરમિયાન જે શબ્દો બાળક બોલે છે તે નોંધાવાના હતા આ ઉપરાંત પોતાના અનુભવના આધારે જે શબ્દો બાળક જાણે છે પરંતુ નક્કી કરેલ ૧૫ દિવસ દરમિયાન બોલેલ નથી તે શબ્દો પણ નોંધાવાના હતાસંશોધનમાં ઉપયોગ .માં લેવામાં આવેલ ઉપકરણ પરિશિષ્ટ-૨માં દર્શાવવામાં આવેલ છે

**૨.૪ માહિતી એકત્રીકરણ:**

પ્રસ્તુત સંશોધન સુરત જિલ્લાના મહુવા તાલુકામાં રહેતા ૨ થી ૮ વર્ષની ઉમર ધરાવતા  તમામ બાળકોનું શબ્દ ભંડોળ જાણવા માટે કરવામાં આવેલ હતું આ માટે . સુરત જિલ્લાના મહુવા તાલુકામાં રહેતા અને જે બાળકની ઉમર ૨ વર્ષ થી ૮ વર્ષ સુધીની છે અને જેના માતા કે પિતા પૈકી કોઈ પણ એક શિક્ષક છે એવા બાળકોની માહિતી બી.આર.સી. કો.ઓર્ડીનેટર અને સી.આર.સી. કો.ઓર્ડીનેટર પાસેથી મગાવવામાં આવી હતીબી.આર.સી. કો.ઓર્ડી ..નેટર અને સી .આર.સી.કો ઓર્ડીનેટર પાસેથી આવેલ માહિતીનાં આધારે સુરત જિલ્લાના મહુવા તાલુકામાં રહેતા અને ૨ થી ૮ વર્ષની ઉમરના અને જેના માતા પિતા કે માતા પિતા પૈકી કોઈ પણ એક શિક્ષક છે તેવા બાળકોની નમૂના તરીકે પસંદગી કરવામાં આવી હતી .

ત્યાર બાદ નમૂનામાં પસંદ થયેલ બાળકોના વાલીને રૂબરૂ મળી બાળકો નાં શબ્દ ભંડોળ ને કઈ રીતે નમૂનામાં નોંધવાનું છે તેની વિગતે ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચામાં સામાન્ય રીતે નીચે મુજબની સૂચનાઓ બાળકના વાલીને આપવામાં આવી હતી.

- ૧૫ દિવસ સુધી બાળકોનું અવલોકન કરવાનું છે અને જે શબ્દ બાળક બોલે તે તમારે તારીખ વાર નોંધાવાના છે
- બાળક દ્વારા એક એકનો એક શબ્દ બીજી વાર બોલાય તો તે શબ્દ બીજી વાર નોંધાવાનો નથી.
- ૧૫ દિવસ દરમિયાન નોધેલા શબ્દો ઉપરાંત આપના અનુભવના આધારે બાળક જે શબ્દો જાણે છે તે શબ્દોની અલગ થી યાદી કરવાની છે.
- જો તમે સમગ્ર સમય દરમિયાન બાળક સાથે રહી શકો એમ ન હોવ તો આપના ઘરના સભ્યો ને બાળક દ્વારા બોલાતા શબ્દો નોંધવાનું કહી શકાય.
- આ રીતે ૧૫ દિવસ સુધી બાળક દ્વારા બોલાતા શબ્દો નોંધી તેની વિગત ડાયટ નાં સબંધિત વ્યાખ્યાતાને પહોચાડવી .

સંશોધકને બાળકના વાલી દ્વારા બાળક નાં શબ્દ ભંડોળની દીવસવાર યાદી પ્રાપ્ત થઇ હતી જેની જી સી.ઈ.આર.ટી. ગાંધીનગર દ્વારા મોકલાવામાં આવેલ.Excel Sheetમાં એન્ટ્રી કરવામાં આવી હતી.

### **૨.૫ માહિતી પૃથકકરણ પ્રવિધિ -:**

પ્રસ્તુત સંશોધનનો મુખ્ય હેતુ સુરત જિલ્લાના મહુવા તાલુકામાં રહેતા ૨ થી ૮ વર્ષની ઉમર ધરાવતા તમામ બાળકોનું શબ્દ ભંડોળ જાણવા માટેનો હતો અને સંશોધકને માહિતી શબ્દો સ્વરૂપે પ્રાપ્ત થઇ હતી, માટે સંશોધકે ઉમરવાર, જાતિવાર અને વિસ્તારવાર બાળકો દ્વારા બોલાયેલ શબ્દોની સંખ્યા ગણી તેની ટકાવારી કાઢવામાં આવી હતી. આ ઉપરાંત સંશોધનનો એક હેતુ બાળકની ઉંમર, જાતિ અને બાળકના રહેઠાણ વિસ્તારની બાળકનાં શબ્દભંડોળ પર અસર તપાસવી એ પણ હતો, માટે

સંશોધકે બાળકોની ઉમર, જાતિ અને વિસ્તારની બાળકોના શબ્દ ભંડોળ પર અસર તપાસવા t-મૂલ્યની ગણતરી પણ કરી હતી.

**તારણો**

પ્રસ્તુત સંશોધન નાં તારણો નીચે મુજબ પ્રાપ્ત થયા હતા

૧. ૨ અને ૩ વર્ષની ઉમર સુધીનું બાળક સામાન્ય રીતે ૧૫૦ શબ્દની આસપાસ શબ્દ ભંડોળ ધરાવે છે જ્યારે ૬ વર્ષની ઉમર ધરાવતું બાળક ૪૦૦ શબ્દોની આસપાસનું શબ્દ ભંડોળ ધરાવે છે. જેમ જેમ ઉમર વધે તેમ તેમ બાળકોનું શબ્દ ભંડોળ પણ વધે છે.

૨. અનુસુચિત જનજાતિ કરતાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ ( Other Backward Class)ના બાળકોનું શબ્દ ભંડોળ વધારે છે. તમામ જાતિના બાળકોનું ગુજરાતી વિષયનું શબ્દ ભંડોળ બીજી અન્ય ભાષા કરતાં વધારે છે. શૈક્ષણિક રીતે પછાત વર્ગ ( Other Backward Class)ના બાળકનું અને અનુસુચિત જનજાતિના બાળકનું હિન્દી વિષય કરતાં અંગ્રેજી વિષયનું શબ્દ ભંડોળ વધુ જોવા મળે છે. તમામ જાતિના બાળકોમાં ઉમર વધવાની સાથે વિવિધ ભાષાઓનું શબ્દ ભંડોળ વિકશે છે.

૩. કુમાર અને કન્યા બંને પ્રકારના બાળકોનું ગુજરાતી વિષયનું શબ્દ ભંડોળ બીજી અન્ય ભાષા કરતાં વધારે છે, કન્યાઓ પાસે ગુજરાતી વિષયનું શબ્દ ભંડોળ કુમારો કરતાં વધુ છે જ્યારે કન્યાઓ કરતાં કુમારો પાસે હિન્દી અને અંગ્રેજી વિષયોમાં શબ્દ ભંડોળ વધુ છે. સમગ્ર રીતે કન્યા કરતાં કુમારો પાસે શબ્દ ભંડોળ વધુ જોવા મળે છે.

૪. ગ્રામ્ય કક્ષાએ હિન્દી અને અંગ્રેજી વિષયોમાં બાળકોના શબ્દ ભંડોળને તુલનાત્મક રીતે જોતાં અંગ્રેજી વિષયનું શબ્દ ભંડોળ હિન્દી વિષયના શબ્દ ભંડોળ કરતાં વધુ જોવા છે.

**સુરત જિલ્લાના કામરેજ તાલુકાના 2 થી 8 વર્ષના બાળકોના શબ્દભંડોળનો અભ્યાસ**

શોભાના સુરાણી લેકચરર
જિલ્લા શિક્ષણ અને તાલીમ
ભવન,સુરત

**હેતુઓ**

1. સુરત જિલ્લાના કામરેજ તાલુકાના 2 થી 8 વર્ષના બાળકોનું ઉંમરવાર શબ્દભંડોળ જાણવું.
2. સુરત જિલ્લાના કામરેજ તાલુકાના 2 થી 8 વર્ષના બાળકોનું જાતિ સંદર્ભમાં શબ્દભંડોળ જાણવું.
3. સુરત જિલ્લાના કામરેજ તાલુકાના 2 થી 8 વર્ષના બાળકોનું વિસ્તારના સંદર્ભમાં શબ્દભંડોળ જાણવું.
4. સુરત જિલ્લાના કામરેજ તાલુકાના 2 થી 8 વર્ષના બાળકોનું ગુજરાતી ભાષા ઉપરાંત સ્થાનિક બોલીને ધ્યાનમાં લઈને શબ્દભંડોળ જાણવું.
5. સુરત જિલ્લાના કામરેજ તાલુકાના 2 થી 8 વર્ષના બાળકોનું ગુજરાતી ભાષા ઉપરાંત અન્ય ભાષાને ધ્યાનમાં લઈને શબ્દભંડોળ જાણવું.

**વ્યાપવિશ્વ અને નમૂનો**

પ્રસ્તુત સંશોધનમાં સુરત જિલ્લાના 2 થી 8 વર્ષના બાળકોનો વ્યાપવિશ્વમાં સમાવેશ થયો હતો.

**નમૂનાની પસંદગી** : પ્રસ્તુત સંશોધનમાં સુરત જિલ્લાના કામરેજ તાલુકાના વર્ષ 2 થી 8 ના ઉંમરવાર એક કુમાર અને એક કન્યા એમ કુલ 14 બાળકોને સહેતુક/ યાદચ્છિક રીતે નમૂના તરીકે પસંદ કર્યા હતાં.

**સંશોધન પદ્ધતિ**:પ્રસ્તુત સંશોધન **સર્વેક્ષણ પ્રકારનુ** હતું.

**ઉપકરણ**

- બાળકની સામાન્ય માહિતી
- બાળકો દ્વારા બોલાયેલ શબ્દો નોંધવાનું પત્રક
- ડેટા એક્સેલ શીટ - નો સમાવેશ થયેલો હતો.

**માહિતી એકત્રીકરણ**

જીસીઈઆરટી દ્વારા મળેલ એક્સેલ ફાઇલમાં નોંધી કુલ 15 દિવસના બાળકના શબ્દભંડોળની માહિતી પ્રાપ્ત કરવામાં આવી હતી. આમ,પ્રસ્તુત સંશોધનમાં સંખ્યાત્મક પ્રકારની માહિતી એકત્ર કરવામાં આવી હતી.

આંકડાશાસ્ત્રીય પૃથક્કરણની રીત:

પ્રસ્તુત સંશોધનમાં પૃથક્કરણ માટે સરાસરી અને ટકાવારીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**સંશોધનના તારણો** :

- 2 થી 8 વર્ષના બાળકોનું ઉંમરવાર શબ્દભંડોળ ગુજરાતી ભાષામાં  સૌથી વધુ અને અન્ય ભાષામાં સૌથી ઓછું જોવા મળ્યુ હતુ.
- 2 થી 8 વર્ષના બાળકોના ઉંમરવાર શબ્દભંડોળની કન્યાનું  શબ્દભંડોળ કુમારો કરતાં વધુ જોવા મળ્યુ હતુ.
- 2 થી 8 વર્ષના બાળકોના ઉંમરવાર શબ્દભંડોળમાં અર્થાત શહેરી  બાળકોનું શબ્દભંડોળ ગ્રામ્ય  બાળકો કરતાં વધુ જોવા મળે છે.
  - 2 થી 8 વર્ષના બાળકોના ઉંમરવાર શબ્દભંડોળમાં શહેરી બાળકોમાં સ્થાનિક ભાષાનું શબ્દભંડોળ બિલકુલ જોવા મળતુ ન હતુ.
  - 2 થી 8 વર્ષના બાળકોના ભાષાવાર શબ્દભંડોળમાં સૌથી વધુ શબ્દભંડોળ ગુજરાતી ભાષામાં  કુમારોનુ સૌથી ઓછુ અન્ય ભાષામાં કુમાર અને હિન્દી ભાષામાં કન્યાઓ અને કુમારોનુ જોવા મળે છે.
  - ગુજરાતી ભાષામાં કુમારનું શબ્દભંડોળ વધારે છે. જયારે અન્ય ભાષામાં કન્યાઓનું વધારે જોવા મળ્યું  હતું.

**શૈક્ષણિક સૂચિતાર્થ**

1. ૨ થી ૮ વર્ષના વય જૂથના બાળકો માટે શબ્દભંડોળની યાદી બનાવી શકાય.
2. બાળકોના શબ્દભંડોળ આધારિત વાચન સામગ્રી વિકસાવી શકાય.
3. અંગ્રેજી/ હિન્દીનું શબ્દભંડોળ વધારવા અંગ્રેજી અને હિન્દી શબ્દો વાપરવાનો મહાવરો વધારી શકાય.
4. વય જૂથ મુજબ શબ્દભંડોળને આધારે શબ્દકોશ તૈયાર કરી શકાય.

5. વય જૂથ મુજબ શબ્દભંડોળ ને આધારે વાચન સામગ્રી વિકસાવી શકાય.
6. વિવિધ પ્રકારની શબ્દ રમતો દ્વારા શબ્દ ભંડોળમાં વધારો કરી શકાય.

(7)

**સુરત જિલ્લાના પલસાણા તાલુકાના 2 થી 8 વર્ષના બાળકોના શબ્દભંડોળનો અભ્યાસ**

ડૉ. દિપીકા ચૌધરી લેકચરર

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરત

હેતુઓ:

1. સુરત જિલ્લાના પલસાણા તાલુકાના 2 થી 8 વર્ષના બાળકોનું ઉંમરવાર શબ્દભંડોળ જાણવું.
2. સુરત જિલ્લાના પલસાણા તાલુકાના 2 થી 8 વર્ષના બાળકોનું જાતિ સંદર્ભમાં શબ્દભંડોળ જાણવું.
3. સુરત જિલ્લાના પલસાણા તાલુકાના 2 થી 8 વર્ષના બાળકોનું વિસ્તારના સંદર્ભમાં શબ્દભંડોળ જાણવું.
4. સુરત જિલ્લાના પલસાણા તાલુકાના 2 થી 8 વર્ષના બાળકોનું ગુજરાતી ભાષા ઉપરાંત સ્થાનિક બોલીને ધ્યાનમાં લઈને શબ્દભંડોળ જાણવું.
5. સુરત જિલ્લાના પલસાણા તાલુકાના 2 થી 8 વર્ષના બાળકોનું ગુજરાતી ભાષા ઉપરાંત અન્ય ભાષાને ધ્યાનમાં લઈને શબ્દભંડોળ જાણવું.

વ્યાપવિશ્વ અને નમૂનો :

પ્રસ્તુત સંશોધનમાં સુરત જિલ્લાના 2 થી 8 વર્ષના બાળકોનો વ્યાપવિશ્વમાં સમાવેશ થયો હતો.

જીસીઈઆરટી-ગાંધીનગરની સૂચના મુજબ ગુજરાત રાજ્યના પ્રત્યેક તાલુકાના વર્ષ 2 થી 8 ના ઉંમરવાર એક કુમાર અને એક કન્યા એમ કુલ 14 બાળકોનો સંશોધન સમાવેશ કરવાનો હતો. પ્રસ્તુત સંશોધનમાં સુરત જિલ્લાના પલસાણા  તાલુકાના વર્ષ 2 થી 8 ના ઉંમરવાર એક કુમાર અને એક કન્યા એમ કુલ 14 બાળકોને સહેતુક/ યાદચ્છિક રીતે નમૂના તરીકે પસંદ કર્યા હતાં.

સંશોધન પધ્ધતિ : પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પ્રકારનું  હતું.

ઉપકરણ : પ્રસ્તુત સંશોધનમાં સામેલ બાળકો દ્વારા બોલાયેલ શબ્દો નોંધવા માટે 15 દિવસ સુધીના પ્રત્યેક દિવસના અલગ-અલગ પત્રકોનો ઉપયોગ કરવાનો હતો. આ માટે જરુરી ઉપકરણની રચના જીસીઈઆરટી દ્વારા જ કરવામાં આવી હતી. જેમાં

7. બાળકની સામાન્ય માહિતી
8. બાળકો દ્વારા બોલાયેલ શબ્દો નોંધવાનું પત્રક
9. ડેટા એક્સેલ શીટ - નો સમાવેશ થયેલો હતો.

માહિતી એકત્રીકરણ : સંશોધકને ફળવાયેલ/લાયઝન તાલુકામાં બીઆરસી કો. ની મદદથી 2 થી 8 વર્ષના કુલ 14 બાળકો પસંદ કરવામાં આવ્યા હતાં. નમૂનાના આ 14 બાળકો દ્વારા દરરોજ બોલાયેલા શબ્દો 15 દિવસ સુધી નિયત ફોર્મેટમાં સીઆરસી કો./

શિક્ષકો/ વાલી દ્વારા નોંધવામાં આવ્યા હતાં. દરરોજનો ડેટા લઈ જીસીઈઆરટી દ્વારા મળેલ એક્સેલ ફાઇલમાં નોંધી કુલ 15 દિવસના બાળકના શબ્દભંડોળની માહિતી પ્રાપ્ત કરવામાં આવી હતી.

આંકડાશાસ્ત્રીય પૃથક્કરણની રીત : પ્રસ્તુત સંશોધનમાં જીસીઈઆરટી દ્વારા તૈયાર કરેલ એક્સેલ ફાઇલમાં પલસાણા  તાલુકામાંથી બીઆરસી કૉ. દ્વારા 14 બાળકોના 15 દિવસ સુધીના શબ્દભંડોળની માહિતી પ્રાપ્ત થઇ હતી. જેમાં વિવિધ શીટમાં વિવિધ માહિતી હતી. આ માહિતીનુ હેતુ મુજબ સારણીઓ બાનાવી પૃથક્કરણ અને વિશ્લેષણ કાવામાં આવ્યુ હતુ. જેમા સરાસરી અને ટકાવારી તેમજ એક્સેલ પ્રોગામનો ઉપયોગ કર્યો હતો.

સંશોધનના  તારણો:

સંશોધકે સંશોધનકાર્ય દરમિયાન મળેલ માહિતીનું પૃથક્કણ અને અર્થઘટન કર્યું જેના આધારે નીચે મુજબના તારણો તારવ્યાં હતા.

- 2 થી 8 વર્ષના બાળકોના ઉંમરવાર શબ્દભંડોળની સરાસરી 510 શબ્દો જોવા મળી હતી.
- 2 થી 8 વર્ષના બાળકોનું ઉંમરવાર શબ્દભંડોળ 2, 3, 4, 5, 6, 7 અને 8 વર્ષના બાળકોનુ અનુક્રમે 887,562,949, 626,388, 847 અને 1495 શબ્દો જોવા મળ્યા હતાં.
- 2 થી 8 વર્ષના બાળકોનું ઉંમરવાર શબ્દભંડોળ 6 વર્ષના બાળકમાં સૌથી ઓછુ અને 8 વર્ષના બાળકમાં સૌથી વધુ જોવા મળેલ હતા.

- 2 થી 8 વર્ષના બાળકોનું ઉંમરવાર શબ્દભંડોળ ગુજરાતી ભાષામાં  સૌથી વધુ અને અન્ય ભાષામાં સૌથી ઓછું જોવા મળ્યુ હતુ.
- 2 થી 8 વર્ષના બાળકોના ઉંમરવાર શબ્દભંડોળની સરાસરી કુમારમાં 491 શબ્દો અને કન્યામાં 530  શબ્દો જોવા મળ્યુ હતુ. અર્થાત કન્યાનું શબ્દભંડોળ કુમારો  કરતાં વધુ જોવા મળ્યુ હતુ.
- 2 થી 8 વર્ષના કુમારોમાં ગુજરાતી , હિંદી, અંગ્રેજી, સ્થાનિક બોલી અને અન્યભાષાનુ  સરેરાશ શબ્દભંડોળ અનુક્રમે 413, 0, 76, 1 અને 0 શબ્દો જોવા મળ્યુ હતુ.
- 2 થી 8 વર્ષના કન્યાઓમાં ગુજરાતી , હિંદી, અંગ્રેજી, સ્થાનિક બોલી અને અન્ય ભાષાનુ  સરેરાશ શબ્દભંડોળ અનુક્રમે 409, 0, 119, 2 અને માત્ર 2 જ શબ્દો જોવા  મળ્યુ હતુ.
- 2 થી 8 વર્ષના બાળકોના ઉંમરવાર શબ્દભંડોળમાં શહેરી બાળકોમાં સરેરાશ 550  શબ્દો અને ગ્રામ્ય બાળકોમાં 480  શબ્દો જોવા મળ્યુ હતુ. અર્થાત શહેરી  બાળકોનું શબ્દભંડોળ ગ્રામ્ય  બાળકો કરતાં વધુ જોવા મળે છે.
- 2 થી 8 વર્ષના બાળકોના ઉંમરવાર શબ્દભંડોળમાં શહેરી બાળકોમાં સ્થાનિક ભાષાનું શબ્દભંડોળ બિલકુલ જોવા મળતુ ન હતુ. જ્યારે ગ્રામ્ય બાળકોમાં સ્થાનિક ભાષાનું શબ્દભંડોળ સરેરાશ 11 શબ્દો જોવા મળ્યુ હતુ.

- 2 થી 8 વર્ષના બાળકોની ભાષાવાર સરેરાશ શબ્દભંડોળ ગુજરાતી, હિંદી, અંગ્રેજી, સ્થાનિક બોલી અને અન્યભાષાનુ અનુક્રમે 197, 0, 97 , 1 તેમજ માત્ર 2 જ શબ્દો અન્ય ભાષાનાં જોવા મળ્યુ હતુ.
- 2 થી 8 વર્ષના બાળકોના ભાષાવાર શબ્દભંડોળમાં સૌથી વધુ શબ્દભંડોળ ગુજરાતી ભાષામાં કુમારોનુ સૌથી ઓછુ અન્ય ભાષામાં કુમાર અને હિન્દી ભાષામાં કન્યાઓ અને કુમારોનુ જોવા મળે છે.
- ગુજરાતી ભાષામાં કુમારનું શબ્દભંડોળ વધારે છે. જયારે અન્ય ભાષામાં કન્યાઓનું વધારે જોવા મળ્યું હતું.

શૈક્ષણિક સૂચિતાર્થ : 2 થી 8 વર્ષની કુમારો અને કન્યાઓમાં વર્ષના પ્રમાણમાં શબ્દભંડોળનુ પ્રમાણ વધારવા માટેના પ્રયત્નો હાથ ધરવા જોઇએ.

11. 2 થી 8 વર્ષના ગ્રામ્ય વિસ્તારના બાળકોઓમાં શબ્દભંડોળનુ પ્રમાણ વધારવા માટેના પ્રયત્નો કરવા જોઇએ.
12. બાળમંદિર અને શાળાના શરુઆતના વર્ષોમાં સ્થાનિક ભાષાના શબ્દોનો ઉપયોગ કરવો જોઇએ.
13. બાળકોના શબ્દભંડોળમાં વધારો થાય તેવા પ્રયત્નો આંગણવાડી તથા ધોરણ-1-2મા હાથ ધરવા જોઇએ.
14. બાળકોમાં મૌખિક અભિવ્યક્તિ વધે તેવી તકો ધરે તેમજ શાળા કક્ષાએ ઉભી થાય તેવા પ્રયાસો કરવા જોઇએ.

15.2 થી 8 વર્ષના ગ્રામ્ય  વિસ્તારના બાળકોઓમાં સ્થાનિક ભાષામાં શબ્દભંડોળનુ પ્રમાણ વધારવા માટેના પ્રયત્નો કરવા જોઇએ.

(8)

**સંશોધક: રશ્મીકાન્ત એમ  પટેલ**

**જુ.લેકચરર,ડાયેટ સુરત**

સમસ્યા કથન : ‘‘સુરત જિલ્લાના ધોરણ 2 થી 8ના વિદ્યાર્થીઓની વાચન ઝડપ અને વાચન અર્થગ્રહણ ક્ષમતાનો અભ્યાસ"

સંશોધનના હેતુઓ:

**પ્રસ્તુત સંશોધન નીચેના હેતુઓને ધ્યાને લઈને હાથ ધરવામાં આવ્યું હતું.**

1 ધોરણ 2 થી 8ના વિદ્યાર્થીઓની ધોરણના સંદર્ભમાં વાચન ઝડપ તથા વાચન અર્થગ્રહણ ક્ષમતાનો અભ્યાસ કરવો.
2 ધોરણ 2 થી 8ના વિદ્યાર્થીઓની વાચન ઝડપ તથા વાચન અર્થગ્રહણ ક્ષમતાનો જાતીયતાના સંદર્ભમાં અભ્યાસ કરવો.
3 ધોરણ 2 થી 8ના વિદ્યાર્થીઓની વાચન ઝડપ તથા વાચન અર્થગ્રહણ ક્ષમતાનો શાળાના પ્રકારના સંદર્ભમાં અભ્યાસ કરવો.
4 ધોરણ 2 થી 8ના વિદ્યાર્થીઓની વાચન ઝડપ તથા વાચન અર્થગ્રહણ ક્ષમતાનો સામાજિક જૂથના સંદર્ભમાં અભ્યાસ કરવો.
5 ધોરણ 2 થી 8ના વિદ્યાર્થીઓની વાચન ઝડપ તથા વાચન અર્થગ્રહણ ક્ષમતાનો જુદી જુદી વાચક શ્રેણીના સંદર્ભમાં અભ્યાસ કરવો.
6 ઉપકરણનાં સંદર્ભમાં વિદ્યાર્થીઓની વાચન ઝડપ તથા વાચન અર્થગ્રહણ ક્ષમતાનો  અભ્યાસ કરવો.

**અભ્યાસના પ્રશ્નો**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે પોતાના સંશોધન કાર્યના હેતુઓને અનુરૂપ આ પ્રમાણેના પ્રશ્નોની રચના કરી હતી.

1 ધોરણ 2 થી 8ના વિદ્યાર્થીઓની ધોરણના સંદર્ભમાં વાચન ઝડપ તથા વાચન અર્થગ્રહણ ક્ષમતા કેટલી હશે ?
2 ધોરણ 2 થી 8ના વિદ્યાર્થીઓની જાતીયતાના સંદર્ભમાં વાચન ઝડપ તથા વાચન અર્થગ્રહણ ક્ષમતા કેટલી હશે ?

3 ધોરણ 2 થી 8ના વિદ્યાર્થીઓની શાળાના પ્રકારના સંદર્ભમાં વાચન ઝડપ તથા વાચન અર્થગ્રહણ ક્ષમતા કેટલી હશે ?
4 ધોરણ 2 થી 8ના વિદ્યાર્થીઓની સામાજિક જૂથના સંદર્ભમાં વાચન ઝડપ તથા વાચન અર્થગ્રહણ ક્ષમતા કેટલી હશે ?
5 ધોરણ 2 થી 8ના વિદ્યાર્થીઓની વાચક શ્રેણીના સંદર્ભમાં વાચન ઝડપ તથા વાચન અર્થગ્રહણ ક્ષમતા કેટલી હશે ?
6 ઉપકરણનાં સંદર્ભમાં વિદ્યાર્થીઓની વાચન ઝડપ તથા વાચન અર્થગ્રહણ ક્ષમતા કેટલી હશે?

**સંશોધનનો પ્રકાર**

પ્રસ્તુત સંશોધન એ વ્યવહારિક પ્રકારનું સંશોધન છે. માહિતી પ્રાપ્તિ અને પૃથક્કરણની દ્રષ્ટિએ આ સંશોધન સંખ્યાત્મક પ્રકારનું સંશોધન છે.

5.5 **સંશોધનનું મહત્વ**

પ્રત્યેક સંશોધન ચોક્કસ હેતુને ધ્યાનમાં લઈ થતું હોય તેનાં તારણો સંશોધનના ક્ષેત્ર પૂરતાં ઉપયોગી બની રહે છે. પ્રસ્તુત અભ્યાસ પણ પોતાનું અનેરૂ મહત્ત્વ ધરાવે છે.

- પ્રસ્તુત અભ્યાસ હેઠળ રચાયેલ કસોટી એ વાચન અર્થગ્રહણ ક્ષમતાના માપનનું ઉત્તમ સાધન બનશે.
- વિદ્યાર્થીઓની વાચન ઝડપ અને અર્થગ્રહણ ક્ષમતા જાણવા માટે આ સંશોધન ઉપયોગી બનશે.
- વાચન અર્થગ્રહણ ક્ષમતામાં જોવા મળતી ઊણપોનું વિશ્લેષણ કરી ઉપચારાત્મક કાર્યક્રમ યોજી શકાશે.
- પ્રસ્તુત અભ્યાસ શિક્ષકો અને વિદ્યાર્થીઓની ભાષા સજ્જ્તા માટે ઉપયોગી બની રહેશે.

**વ્યાપવિશ્વ અને નમૂનો** :

પ્રસ્તુત સંશોધનના વ્યાપવિશ્વ તરીકે સુરત જિલ્લાની ગુજરાતી માધ્યમની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓના ધોરણ 2 થી 8 (વર્ષ 2021-22) માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. નમૂનામાં સુરત જિલ્લાની

70 શાળાઓની રેન્ડમલી પસંદગી કરેલ હતી. આ 70 શાળાઓના ધો 2 થી 8નાં 645 વિદ્યાર્થીઓ (પ્રત્યેક ધોરણની દસ (10) શાળાઓ પસંદ કરવી. આ દરેક શાળાઓમાંથી ધોરણ દીઠ વધુમાં વધુ 10 વિદ્યાર્થીઓ) નમૂનામાં પસંદ થયેલ હતા.

**સંશોધન પદ્ધતિ** :

પ્રસ્તુત સંશોધન સંશોધનની સર્વેક્ષણ પદ્ધતિને અનુસરતું હતું.

**ઉપકરણ** :

પ્રસ્તુત સંશોધન માટે માહિતી એકત્ર કરવા માટે જી.સી.ઈ.આર.ટી. દ્વારા ઉપકરણનું નિર્માણ કરવામાં આવેલ હતું. જેમાં ધોરણ 2 અને 3 બંને માટે સમાન એક જ પ્રકારનું ઉપકરણ, ધોરણ 4 અને 5 બંને માટે સમાન એક જ પ્રકારનું ઉપકરણ, ધોરણ 6, 7 અને 8 ત્રણેય માટે સમાન એક જ પ્રકારનું ઉપકરણ રચવામાં આવ્યું હતું.

**માહિતીનું એકત્રીકરણ** :

માહિતી એકત્રીકરણ માટે જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર દ્વારા દરેક જિલ્લાને પોતાની અનુકુળતા મુજબ સમય મર્યાદામાં માહિતી એકત્રીકરણ કરવા જણાવવામાં આવ્યું હતું. જેમાં ફીલ્ડ ઇન્વેસ્ટીગેટર્સ તરીકે એસ.આર.જી./ડી.આર.જી. મિત્રોને જોડવામાં આવ્યા હતા. સૌ પ્રથમ ડાયટ સુરત ખાતે દરેક ફીલ્ડ ઇન્વેસ્ટીગેટર્સને તાલીમ આપવામાં આવી અને શાળાઓની ફાળવણી કરવામાં આવી. દરેક ફીલ્ડ ઇન્વેસ્ટીગેટર્સએ જે તે શાળા પર જઈ ડેટા કલેક્શન કરેલ છે.

**માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન** :

જી.સી.ઈ.આર.ટી. દ્વારા ડેટા એન્ટ્રી માટે વિવિધ ચલોને ધ્યાનમાં રાખીને એકસેલ શીટ તૈયાર કરી તમામ ડાયટને મોકલવામાં આવેલ હતી. મોકલવવામાં આવેલ એકસેલ શીટમાં વાચન ઝડપ માપન અને વાચન અર્થગ્રહણ ક્ષમતા માપન મૂલ્યાંકન પત્રકોના આધારે માહિતી દાખલ કરી હતી. તેના આધારે માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન કરવામાં આવેલું હતું. પ્રસ્તુત સંશોધનમાં એક્સેલ સોફ્ટવેરની મદદથી સરાસરી , પ્રમાણ વિચલન અને ટી-ટેસ્ટ જેવી જરૂરી અંકશાસ્ત્રીય પ્રયુક્તિથી માહિતીનું વિષ્લેષણ કરવામાં આવેલ હતું.

**તારણો.**

પ્રસ્તુત સંશોધનના તારણો નીચે મુજબ છે.

**<u>વાચન ઝડપનાં આધારે તારણો.</u>**

- ધોરણ 2 થી 8 પૈકી સૌથી વધુ વાચન ઝડપની સરેરાશ ધોરણ 8ના વિદ્યાર્થીઓની હતી, જયારે સૌથી ઓછી સરેરાશ વાચન ઝડપ ધોરણ 2ના વિદ્યાર્થીઓની જોવા મળી હતી.
- જાતિની દૃષ્ટિએ સૌથી વધારે વાચન ઝડપ ધોરણ 8ની કન્યા વિદ્યાર્થીઓની જોવા મળી હતી અને સૌથી ઓછી વાચન ઝડપ ધોરણ 2ની કન્યા વિદ્યાર્થીઓની જોવા મળી હતી.
- કેટેગરીની દૃષ્ટિએ સૌથી વધારે વાચન ઝડપ ધોરણ 7ના એસ.સી કેટેગરીના વિદ્યાર્થીઓની જોવા મળી હતી અને સૌથી ઓછી વાચન ઝડપ ધોરણ 2ના એસ સી. કેટેગરીના વિદ્યાર્થીઓની જોવા મળી હતી.
- શાળાના પ્રકારની દૃષ્ટિએ સૌથી વધારે વાચન ઝડપ ખાનગી શાળાના ધોરણ 8ના વિદ્યાર્થીઓની જોવા મળી હતી અને સૌથી ઓછી વાચન ઝડપ સરકારી શાળાના ધોરણ 2ના વિદ્યાર્થીઓની જોવા મળી હતી.
- ઉપકરણ અનુસાર જોઈતો સૌથી વધુ વાચન ઝડપ ધોરણ 6 થી 8 ના ઉપરકરણ પર જોવા મળી હતી જયારે સૌથી ઓછી વાચન ઝડપ ધોરણ 2 થી 3ના ઉપરકરણ પર જોવા મળી હતી.
- વાચક પ્રકારની દૃષ્ટિએ સૌથી વધારે વાચન ઝડપ ધોરણ 8ના વાક્ય વાચક વિદ્યાર્થીઓની જોવા મળી હતી, જયારે સૌથી ઓછી વાચન ઝડપ ધોરણ 2ના શબ્દ વાચક વિદ્યાર્થીઓની જોવા મળી હતી.
- ધોરણ-2, ધોરણ-3, ધોરણ-5, ધોરણ-6, ધોરણ-7 અને ધોરણ-8ના વિદ્યાર્થીઓની વાચન ઝડપ પર જાતીયતાની કોઈ અસર જોવા મળતી નથી. જયારે ધોરણ-4ના વિદ્યાર્થીઓની વાચન ઝડપ પર જાતીયતાની અસર જોવા મળે છે. જેમાં કન્યાઓની વાચન ઝડપ કુમારો કરતાં વધુ જોવા મળેલ હતી.

## વાચન અર્થગ્રહણ ક્ષમતાનાં આધારે તારણો

- ધોરણોમાં સૌથી ઓછી સરેરાશ વાચન અર્થગ્રહણ ક્ષમતા ધોરણ-4ના વિદ્યાર્થીઓની જોવા મળી હતી, જયારે સૌથી વધુ સરેરાશ વાચન અર્થગ્રહણ ક્ષમતા ધોરણ-3ના વિદ્યાર્થીઓની જોવા મળી હતી.
- જાતિની દૃષ્ટિએ સૌથી વધારે વાચન અર્થગ્રહણ ક્ષમતાની ટકાવારી ધોરણ 3ની કન્યા વિદ્યાર્થીઓની જોવા મળી હતી અને સૌથી ઓછી વાચન અર્થગ્રહણ ક્ષમતાની ટકાવારી ધોરણ 3ના કુમાર વિદ્યાર્થીઓની જોવા મળી હતી.
- કેટેગરીની દૃષ્ટિએ સૌથી વધારે વાચન અર્થગ્રહણ ક્ષમતાની ટકાવારી ધોરણ 2ના ઓ બી સી  કેટેગરીના વિદ્યાર્થીઓની જોવા મળી હતી અને સૌથી ઓછી વાચન અર્થગ્રહણ ક્ષમતાની ટકાવારી ધોરણ 2ના એસ સી કેટેગરીના વિદ્યાર્થીઓની જોવા મળી હતી.
- શાળાના પ્રકારની દૃષ્ટિએ સૌથી વધારે વાચન અર્થગ્રહણ ક્ષમતાની ટકાવારી ખાનગી શાળાના ધોરણ 2ના વિદ્યાર્થીઓની જોવા મળી હતી અને સૌથી ઓછી વાચન અર્થગ્રહણ ક્ષમતાની ટકાવારી ગ્રાન્ટેડ શાળાના ધોરણ 7ના વિદ્યાર્થીઓની જોવા મળી હતી.
- વાચક પ્રકારની દૃષ્ટિએ સૌથી વધારે વાચન અર્થગ્રહણ ક્ષમતાની ટકાવારી ધોરણ 2ના વાક્ય વાચક વિદ્યાર્થીઓની જોવા મળી હતી.
- ધોરણ-2, ધોરણ-3, ધોરણ-5, ધોરણ-6, ધોરણ-7 અને ધોરણ-8ના વિદ્યાર્થીઓની વાચન અર્થગ્રહણ ક્ષમતા પર જાતીયતાની કોઈ અસર જોવા મળતી નથી. જયારે ધોરણ-4ના વિદ્યાર્થીઓની વાચન અર્થગ્રહણ ક્ષમતા પર જાતીયતાની અસર જોવા મળે છે. જેમાં કન્યાઓની વાચન અર્થગ્રહણ ક્ષમતા કુમારો કરતાં વધુ જોવા મળેલ હતી.

**સંશોધનના શૈક્ષણિક ફલિતાર્થ :**

- શાળાના પ્રાર્થના કાર્યક્રમમાં પાઠ્યપુસ્તકનું શિક્ષકો દ્વારા આદર્શ વાચન દરરોજ થવું જોઈએ. વાચનની સાથે અર્થગ્રહણ થાય તેવી પ્રશ્નોત્તરી થવી જોઈએ
- મુખ વાચન ઝડપ અને વાચન અર્થગ્રહણ ક્ષમતામાં અપેક્ષિત સિદ્ધિ સુધી પહોચવામાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવને ક્રમબદ્ધ આયોજન કરવાં જોઈએ.
- શિક્ષકો વર્ગખંડ અધ્યાપનમાં અસરકારક ભૂમિકા ભજવે તે માટે તેમને વિવિધ અધ્યયન અધ્યાપન પ્રવિધિ-પ્રયુક્તિઓની તાલીમ આપવી જોઈએ.
- ભવન દ્વારા જરૂરી શૈક્ષણિક સોફ્ટવેર નિર્માણ કરી વર્ગશિક્ષણમાં તેના અસરકારક ઉપયોગનાં કૌશલ્યો કેળવવાની શિક્ષકોને તાલીમ આપવી જોઈએ.
- શિક્ષકોને અપાયેલી તાલીમનાં ફળ વર્ગખંડનાં બાળકો સુધી પહોંચે તે માટે અસરકારક નિરીક્ષણ અને પથદર્શન જરૂરી જણાય છે.
- વાચન ઝડપ વધે તે માટે શિક્ષકોએ અને આચાર્યશ્રીઓએ બાળકોને પ્રાત્સાહિત કરવા મુખ વાચન ઝડપ સ્પર્ધાઓનું આયોજન કરવું જોઈએ .
- ઓછી સિદ્ધિ મેળવનાર બાળકોને વધુ સિદ્ધિ મેળવવા માટે પ્રોત્સાહિત કરવાનાં કૌશલ્યો વિકસાવવા માટેનું આયોજન કરવું જોઈએ.
- જિલ્લાના પ્રાથમિક શિક્ષકોમાં ગુણાત્મક સુધારણા અર્થે ભવને શિક્ષકો દ્વારા તૈયાર થતા ક્રિયાત્મક સંશોધનો અને નવતર પ્રયોગોને પ્રેરણા અને માર્ગદર્શન આપવું જોઈએ.